મુસલમાન તે છે, જેની જબાન અને હાથથી બીજો મુસલમાન સુરક્ષિત રહે, અને હિજરત કરવાવાળો તે છે, જે અલ્લાહએ હરામ કરેલ દરેક વસ્તુને છોડી દે

અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ રઝી અલ્લાહુ અન્હુ થી રીવાયત છે કે, નબી صلى الله عليه وسلم એ કહ્યુ:
«મુસલમાન તે છે, જેની જબાન અને હાથથી બીજો મુસલમાન સુરક્ષિત રહે, અને હિજરત કરવાવાળો
તે છે, જે અલ્લાહએ હરામ કરેલ દરેક વસ્તુને છોડી દે». [સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [મુત્તફકુન્ અલયહિ]

આ હદીષમાં નબી صلى الله عليه وسلم એ જણાવ્યું કે એક મુસલમાનનો સંપૂર્ણ ઇસ્લામ તે છે, તેની જુબાન દ્વારા બીજો મુસલમાન સુરક્ષિત રહે, ન તો તે તેને ગાળો આપે, ન તો તેને મહેણાં ટોળાં મારે, ન તો તેની ગિબત કરે છે, અને ન તો એવા કોઈ પ્રયત્નો કરે, જેનાથી જબાન વડે બીજાને ઇજા પહોંચે, એવી જ રીતે તેના હાથથી પણ સુરક્ષિત રહે, ન તો તે તેમના પર હુમલો કરે, ન તો અયોગ્ય રીતે તેનો માલ લે, વગેરે જેવા કાર્યો, અને મુહાજિર તે છે, જે અલ્લાહએ હરામ કરેલ દરેક વસ્તુઓ છોડી દે.

https://sunnah.global/hadeeth/gu/show/10101